ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૫ ટકા

# સે-૨૧ ખાતે ફિઝીયોથેરાપી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અને ભારતનાં ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણીનાં ભાગરૂપે મિલાપ ટાટારિઆ દ્વારા આયોજિત અને ડૉ. નિધિ ફિઝિયો વર્લ્ડનાં સહયોગથી સેક્ટર-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનાં દિવસે સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટનાં નિષ્ણાંત ડૉક્ટર નિધિ લેકિનવાલા દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. નવનીત ઝાલા



અને ડૉ. મેધાવી પટેલ વિશેષા સહભાગી રહ્યા હતા. આ ફિઝિયોથેરાપી કેમ્પમાં મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના લક્ષ્મીબેન જોષી વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં અને મોટી સંખ્યામાં ગાંધીનગરનાં સૌ નગરજનોએ કેમ્પનો લાભ લીધો હતો તથા કેમ્પને સરળ રીતે સફળ બનાવવા માટે ડૉક્ટરો અને દરેક લાભાર્થીઓનો મિલાપ ટાટારિઆએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન આયોજીત તિરંગા યાત્રા



ગાંધીનગર, તા.૧૪

ભારતની આઝાદીના ૭૫માં વર્ષ નિમીતે સમગ્ર ભારતમાં ''આઝાદી કા અમૃત મહોત્સવ''ની ભવ્ય ઉજવણી થઈ રહી છે, જે અંતર્ગત ''હર ઘર તિરંગા'' કાર્યક્રમ અંતર્ગત ગેઝીયા ઓફિસ, સેક્ટર-૨૫ જીઆઈડીસી ખાતેથી ''તિરંગા યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્યોગકારમિત્રો તથા કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉમળકાભેર ભાગ લીધેલ અને જીઆઈડીસી વસાહત, આજુબાજુનાં રહેણાંક વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦૦ જેટલા ''તિરંગા'નું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રેડિયન્ટ સ્કુલ દ્વારા તિરંગા રેલી



ગાંધીનગર, તા.૧૪

સરગાસણમાં રેડિયન્ટ સ્કુલ દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવના ભાગરૂપે રાષ્ટ્રભક્તિને દરેક ઘર સુધી પહોંચાડવાની ભાવના સાથે શાળા નજીકના ટીપી-૯ વિસ્તારમાં તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ સહિત શાળા મેનેજમેન્ટ, સ્ટાફ, વાલીઓ તેમજ માજી સૈનિકો જોડાયા હતા.આ રેલીને મેયર હિતેષ મકવાણાએ ફલેગ ઓફ કરીને પ્રસ્થાન કરાવ્યું હતું.



ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામમાં આવેલી શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલના પ્રાંગણમાંથી આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે ઈસનપુર મોટા ખાતે તિરંગા યાત્રાનું આયોજન કર્યું હતું. આ તિરંગા યાત્રા વિવિધ મહોલ્લાઓમાં ફરી હતી. આ યાત્રામાં શાળાના આચાર્ય ઠક્કર ભાઈ, શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય કિરણભાઈ પટેલ, એમ.બી.પટેલ સાર્વજનિક હોસ્પીટલના મંત્રી રમેશભાઈ પટેલ, ગામના સરપંચ તથા ગામની જુદી જુદી સેવાભાવી સંસ્થાઓના હોદ્દેદારો તથા ગામ આગેવાનો, શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈને તિરંગા યાત્રામાં જોડાયા હતા.



સેકટર ૧૬ ખાતે બ્રહ્મ ભવન ખાતે ૭૫ વર્ષ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ નરેશભાઈ દવે, મુકેશ શુકલ, રાજેશભાઈ દવે, તુષાર રાવલ, આશિષ જોષી, કેતનભાઈ ઉપાધ્યાય, ભવાનીપ્રસાદ પંડયા અને પ્રવિણાબેન વોરા તથા કમિટી મેમ્બર હાજર રહી રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ગણપતપુરા ગામમાં તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. જેમાં ગણપતપુરા પ્રાથમિક શાળાના બાળકો જોડાયા હતા અને ગામના તમામ બાળકોને સરપંચ વિષ્ણુજી ઠાકોર તરફથી સમગ્ર ગામને તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## અરવિંદ કેન્દ્ર ખાતે મહર્ષિ અરવિંદના જન્મદિનની ઉજવણીનું આયોજન

ગાંધીનગર તા.૧૪

તા.૧૫ ઓગસ્ટને સોમવારે મહર્ષિ અરવિંદ જન્મ દિન પ્રસંગે શ્રી અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ખાતે સવારે ૯.૩૦ કલાકે વાંચન, ધ્યાન પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સર્વે નગરજનોને લાભ લેવાનું જણાવાયું છે.

# આજે સોમવાર અને બોળચોથનો સંયોગ

## બાળકની લાંબી ઉંમર અને સારા સ્વાસ્થ્ય માટે મહિલાઓ ગાય અને વાછરડાની પૂજા કરશે

હિન્દુ સંસ્કૃતિમાં અનેક પર્વનું કંઈક અનોખું મહત્વ હોય છે. જો કે દરેક પર્વની પાછળ તેનો કંઈક હાર્દ છુપાયેલો હોય છે. હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે હાલ શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. શ્રાવણ મહિનો એટલે તહેવારોનો મહિનો. શ્રાવણ મહિનાના દરેક તહેવારને ઉજવવા માટે ખાસ પ્રકારના રીતરિવાજને પણ અનુસરવામાં આવતાં હોય છે.

શ્રાવણ મહિનો આખો વ્રતનો મહિનો કહેવાય છે. આ માહિનામાં અનેક હિન્દુ ધર્મના તહેવાર માનવામાં આવે છે, શીતળા સાતમ, રાંધણ છઠ, બોળ ચોથ જેવા તેહવાર આ દેશમાં ઉજવામાં આવે છે. આ તહેવાર મુખ્યત્વે ગુજરાતમાં ઉજવામાં આવે છે બોળ ચોથ જેને ઘણા લોકો બહુલા ચોથ તરીકે પણ ઉજવતા હોય છે. આ વ્રત શ્રાવણ મહિનાની કૃષ્ણ પક્ષના ચોથના દિવસે ઉજવવામાં આવે છે. આ વ્રતના દિવસે ગાય અને તેના વાછરડાની પુજા કરવામાં આવે છે. આ વ્રત ખેડૂતો માટે ખાસ હોય છે. આ દિવસે વર્તી ગાય અને વાછરડાને કંકુ ચોખાથી પુજા કરે છે અને સાથે બાજરીની કુલર બનાવે છે, પુજા કરી અને વાર્તા સાંભળીને પરિવારના બધા સાથે મળીને જમે છે જમવામાં બાજરીની કુલર, બાજરાના રોટલા ખાય છે, આ દિવસે કોઈ ધારવાળી વસ્તુ થી શાકભાજી સમારતા નથી.

**ધાર્મિક મહત્વ :**

આ દિવસનું મહત્વ માત્ર પશુ માટેનું છે આખું વર્ષ પશુ હેરાન થતાં હોય છે, જાણ અજાણતા આપણાંથી પશુ ને હાનિ પોહચતી હોય છે, આ દિવસે પશુની પુજા કરવામાં આવે છે. અને માફી માંગવામાં આવે છે સાથે કુલર ખવડાવામાં આવે છે. ખાસ કરીને ગાય ની પુજા કરવામાં આવે છે કારણકે ગાય એક એવું પ્રાણી છે જેમાં હિન્દુ શાસ્ત્ર અનુસાર તેમાં બત્રીસ કરોડ દેવતા બિરાજતા હોય છે. આ દિવસ ખાસ કરી ને ખેડૂતો માટે વધારે મહત્વ ધરાવે છે , આખું વર્ષ આ લોકો ગાય ને ખેતી કામમાં ઊપયોગ કરે છે. આ દિવસે ખેડૂતો ગાય માટે વ્રત રાખે છે અને માફી માંગી ને પુજા કરે છે. આ દિવસે પશુને સ્વચ્છ સ્નાન કરાવવામાં આવે છે અને વિવિધ વાનગી ખવડાવવામાં આવે છે.

**વૈજ્ઞાનિક મહત્વ :**

આ દિવસે બધા જ બાજરીથી બનાવેલી વસ્તુ ખાય છે એનું મહત્વ એ છે કે આખુ વર્ષ ઘઉં, ચોખા ખવાય છે જ્યારે આ દિવસે બાજરો ખાવામાં આવે છે જેથી કરી ને શરીરમાં લોહી ચોખ્ખું થાય છે અને પાચન શક્તિમાં વધારો થાય છે.

**પૌરાણિક કથા :**

પૌરાણિક કથા મુજબ મંદિરે દર્શન કરવા જતી વખતે સાસુ વહુને ઘઉંલો ખાંડીને બનાવવાનો આદેશ આપી ગયા. ગાયના વાછરડાનું નામ ઘઉંલો હોય એથી વહુએ એને ખાંડીને એની રસોઈ બનાવી દે છે. માન્યતાના આધારે એ સમયે થયેલી ભૂલ હવે કયારેય ન થાય એ માટે આ દિવસે શાકભાજી અથવા કોઈ પણ ચીજ સમારવી નહીં અને સમારવાની વસ્તુને હાથ પણ લગાડવો નહીં એ માન્યતા આજ સુધી ચાલી આવે છે. તે ઉપરાંત આજના દિવસે મહિલાઓ ઘઉંના લોટની બનાવેલી કોઈ વાનગી પણ જમતી નથી. પરિણામે મોટા ભાગની મહિલાઓ આજના દિવસે મગ અને બાજરીના રોટલા જમવાનુ પસંદ કરે છે. જ્યારે ઘણી મહિલાઓ તો માત્ર બાજરીના લોટની કુલેર ખાઈને પણ વ્રત કરતી હોય છે.

**બોળ ચોથ કરવાની રીતઃ**

સાંજે ચાર વાગ્યે વાછરડા સાથેની ઘઉંવર્ણી ગાયનું પૂજન કરી તેના દોષમાંથી મુકત થવાય એ પણ રિવાજ છે. ગાયમાં ૩૩ કરોડ દેવોનો વાસ હોવાથી અનેક જન્મનાં પાપોનો નાશ થાય છે. રીત-રિવાજ, માન્યતાઓને કે પછી પૌરાણિક કથાઓ જે હોય તે પરંતુ આજના દિવસે હજારોની સંખ્યામાં મહિલાઓ શ્રધ્ધાથી ગાયનું પુજન કરે છે. ગાયનું પુજન કરતાં પહેલાં ભુદેવ વૈદિક મંત્રો સાથે સંકલ્પ કરાવે છે. ત્યાર પછી ગાયના શિંગડા પર તેલ ચોપડી, મસ્તક પર તિલક અને રૂમાંથી બનાવેલા નાગલા ચઢાવી ગાયને બાજરી ખવડાવવામાં આવે છે. પૂંછડે જળનો અભિષેક કરી નમસ્કાર અને પ્રદક્ષિણા કરાય છે. આમ, આ પ્રકારે બોળ ચોથની પુજા અને વ્રત કરવામાં આવે છે.

# નાગપંચમીના પગલે સ્વાદિષ્ટ ખાજાનું આગમન

ગાંધીનગર, તા. ૧૪

**શહેરમાં આઠ સ્વાદના ખાજા ઉપલબ્ધ : શુદ્ધ ઘીના ગળ્યા ખાજા, તેલના ખાજા, મસાલા ખાજા, તીખા ખાજા, મરી-જીરાવાળા ખાજા, મોળા ખાજા, ખારા-નમકીન ખાજા, તેલના મોળા ખાજા**

પવિત્ર શ્રાવણ માસમાં હિન્દુ સંસ્કૃતિ મુજબ વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવતી હોય છે. ત્યારે સાતમ આઠમના પવિત્ર તહેવારોમાં બોળચોથ, નાગપંચમી, રાંધણછઠ સહિત શીતળા સાતમ અને જન્માષ્ટમીનું અનેરૂ મહત્વ છે. ત્યારે આવતીકાલે શ્રાવણ વદ પાંચમના દિવસે નાગપાંચમની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે ગોગા મહારાજની પૂજા અર્ચનાની સાથે સાથે કૂલેર અને ખાજા ખાવાનું મહત્વ વધી જતું હોય છે અને મીઠાઈ ફરસાણના વેપારીઓ દ્વારા પણ ખાજા તૈયાર કરવામાં આવ્યા છે. તીખા, મોળા અને ગળ્યા ખાજા શહેર અને જિલ્લાના વેપારીઓએ વેચાણ અર્થે મુક્યા છે. ત્યારે ઘીના ગળ્યા ખાજા



૬૮૦ રૂ. કિલો, તેલના ખાજા ૩૬૦ રૂ. કિલોના ભાવમાં મળશે. ગયા વર્ષે ઘીના ગળ્યા ખાજાનો ભાવ ૬૦૦ રૂપિયા કિલો હતો. જેમાં આ વર્ષે ૮૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. ગાંધીનગર શહેર અને જિલ્લાના વેપારીઓએ બોળચોથના દિવસ અગાઉથી જ ખાજા વેચાણ અર્થે મુક્યા છે. આ વર્ષે ખાજાની ડિમાન્ડ વધારે રહેશે તેવું વેપારીઓનું માનવું છે. હથેળી જેવડા મોટા ખાજા મેંદાના લોટ અને ઘી નાંખીને બનાવવામાં આવે છે. ગળ્યા ખાજામાં ઉપર દળેલી ખાંડનું પડ હોય છે અને ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે. તીખા ખાજામાં લાલ મરચા અને બીજા મસાલાની તીખાસ હોય છે. ભોજન સાથે અથવા તો નાસ્તામાં ચા સાથે બહુ સરસ લાગે છે જેને તીખું કે ગળ્યું ન ભાવે અથવા ડાયાબિટીસ હોય તેઓ મોળા ખાજા ખાય છે. એના પર લીંબુ, મીઠું અને ચાટ મસાલો નાંખીને તેનો સ્વાદ માણવામાં આવે છે.શ્રાવણ વદ પાંચમના દિવસે નાગ દેવતાની પૂજા કરવામાં આવે છે. મહિલાઓ ઘરના પાણીયારામાં નાગની આકૃતિ કંકુથી દોરીને એના પર કંકુ ચોખા અને બીજી સામગ્રીથી પૂજા કરે છે. પ્રસાદમાં બાજરીના લોટ, ઘી-ગોળની વાનગી જેને કુલેર કહેવામાં આવે છે તે હોય છે. બાજરીના લોટમાં ઘી અને ગોળનો ભૂકો ઉમેરીને એને મસળી લઈને નાના નાના લાડવા બનાવવામાં આવે છે અને નાગ દેવતાને ધરાવીને પ્રસાદ વહેંચવામાં આવે છે. ઘણા વર્તીઓ માત્ર કુલેર ખાઈને નાગ પાંચમનો ઉપવાસ કરતા હોય છે. શહેરની જાણીતી રાધેસ્વીટ એન્ડ ફરસાણ તથા વૃંદાવન સ્વીટમાં વિવિધ પ્રકારના ખાજા વેચાણ અર્થે મુકવામાં આવ્યા છે. જેમાં ૮ પ્રકારની વેરાયટીઓ છે.

શુદ્ધ ઘીના ગળ્યા ખાજા, તેલના ગળ્યા ખાજા, તેલના મસાલા ખાજા, મરી-જીરાવાળા ખાજા, ઘીના મોળા ખાજા, ખારા-નમકીન ખાજા, તેલના મોળા ખાજા જેમાં સૌથી વધારે શુધ્ધ ઘીના ગળ્યા ખાજાની ડિમાન્ડ રહેતી હોય છે. શહેરીજનો મનભરીને મનપસંદ ખાજાનો સ્વાદ માણે છે.

# સિનિયર સિટિઝન્સ મહિલા પાંખ દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન



આઝાદીના અમૃત પર્વ અનુસંધાને સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે દેશભક્તિગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલુ જેમાં ધોરણ-૪ થી ૮ના ૨૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સુંદર રજૂઆત કરી વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધું હતું. જેમાં પાંચ વિજેતાઓને મનીષાબેન ત્રિપાઠીએ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ મહિલા પાંખ દ્વારા ઉપસ્થિત ધોરણ ૧ થી ૪ના બાળકોને રબર-પેન્સિલ-સંચા તેમજ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને સ્ટેશનરીના ચોપડા તેમજ બોલપેનનું વિતરણ કરાયું હતું. નિર્ણાયક તરીકેની સેવા સ્મિતાબેન પ્રજાપતિ તેમજ કુસુમબેન સોનીએ બજાવી હતી. શાળાના શિક્ષિકા નયનાબેન બ્રહ્મભટ્ટે શાળા પરિવાર વતી પ્રથમ વખત યોજાયેલી દેશભક્તિ બાળ સ્પર્ધામાં ભાગ લેવા પ્રેરવા બદલ મહિલા પાંખનો આભાર માન્યો હતો.

# સે. ૧૧ હોટલ પ્રેસીડેન્ટના સંકુલમાં સ્વતંત્રતા દિનની ઉજવણી



સે. ૧૧ ખાતે હોટલ પ્રેસીડેન્ટના સંકુલમાં સ્વાતંત્રદિનની શાનદાર ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ધ્વજવંદન કાર્યક્રમની વિશિષ્ટા એ હતી કે હોટલ પ્રેસીડેન્ટના કર્મચારી ચિમન પણદા, સંતોષ પવાર, ચિરાગ સોલંકીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન હોટલ પ્રેસીડેન્ટના ચેરમેન હરેન્દ્રસિંહ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.



આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે "હર ઘર તિરંગા ઘર ઘર તિરંગા"ના સુત્રને સાકાર કરવા સ્વામિનારાયણ અક્ષરધામ ગાંધીનગર ખાતે સંસ્થાના કન્વીનર સદ્‌ગુરુ સંત ઈશ્વરચરણ સ્વામી, અક્ષરધામના પૂ. સંતો, વરિષ્ટ હરિભક્તો, અક્ષરધામના સ્વયંસેવકો અને SRPના જવાનો દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શહેરના કલાકારે દિવાસળીથી દેશનો નકશો તૈયાર કર્યો

ગાંધીનગર, તા. ૧૪

આઝાદીના ૭૫માં અમૃત મહોત્સવ નિમિત્તે ગાંધીનગરના રહેવાસી ઓમપ્રકાશ બી. પંચાલે દિવાસળીની સળીનો ઉપયોગ કરીને ભારતદેશનો નકશો તૈયાર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આદર્શ વિચાર અને અભિગમ 'હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા'ના સૂત્રને સર્વે દેશવાસીઓ સાર્થક કરવા માટે પોતાની દેશભક્તિ અલગ-અલગ રીતે વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે દિવાસળીની ૧૪૫ સળીઓથી આ ક્રિએટીવ વર્ક કરવામાં આવ્યું છે. જેમાં ચક્રમાં ૨૪ નંગ ટૂથ પીકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



આ આર્ટમાં પોસ્ટકલર, વાંસની પટ્ટીઓનો ઉપયોગ કર્યો છે અને આ ક્રિએટીવ વર્ક કરતા ૪ દિવસનો સમયગાળો લાગ્યો હતો. ઓમપ્રકાશ બી. પંચાલ જેઓ વ્યવસાયે સરકારી ડ્રાઈવર, નવા સચિવાલય, શિક્ષણ વિભાગ ખાતે કાર્યરત છે અને આવી ઘણી બધી ક્રિએટીવ વસ્તુઓ બનાવી ચુક્યા છે. જેમાં આ વખતે તેમણે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ક્રિએટીવ વર્ક તૈયાર કર્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ લીલાબેન માણેકલાલ** ઉ.વ.૬૭, પેથાપુર
- **સ્વ.પઢાર શાંતાબેન ભવાનજી** ઉ.વ.૯૫, પેથાપુર
- **સ્વ.સોલંકી ગજીબેન રામાજી** ઉ.વ.૮૫, ડભોડા
- **સ્વ.વાઘેલા છત્રસિંહ પરબતસિંહ** ઉ.વ.૬૫, લીમ્બોદ્રા, માણસા
- **સ્વ.ગોસ્વામી ઘનશ્યામગીરી નટવરગીરી** ઉ.વ.૫૭, સેકટર-૭

# જન્મદિને વધામણી



હરિન ભટ્ટ
સ્કલ્પચર આર્ટીસ્ટ/કાર્ટુનિસ્ટ
મો : ૯૩૭૬૧ ૬૨૫૧૫



કિન્નર ઝવેરી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫



યોગેશ બી નાયી
પૂર્વ સરપંચ કોબા
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧



સુરેશકુમાર રત્નોત્તર
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩



વિભૂતિબા છત્રસિંહ ચૌહાણ



મિહીર સુખદેવભાઈ દવે
મો. ૮૭૩૪૯ ૫૭૬૭૮



તેજેન્દ્રકુમાર પટેલ
મો. ૯૯૦૪૧ ૫૮૭૬૨



ક્રિશા યોગેશભાઈ રાઠોડ
મો. ૯૭૨૭૬ ૫૬૫૩૫



મનિષાબેન પટેલ



પ્રાચી શૈલેષભાઈ ચૌહાણ
મો. ૭૩૮૩૭ ૨૪૪૯૪



કૃષ્ણા જયેશ ટાંક



હિરલ હાર્દિક જોષી
મો. ૮૩૩૩૮ ૨૬૭૧૦



પંકજ વી ત્રિવેદી
મો. ૯૦૯૯૯ ૧૬૨૨૭



સુશીલા હેમચંદ્ર થોરાત
મો. ૯૪૨૭૦ ૫૪૧૧૩



જયંતકુમાર બાબુલાલ રાવલ
મો. ૯૪૨૬૩ ૦૨૮૯૩૯



બંસરી શુક્લ



રાઠોડ ભરતસિંહ છત્રસિંહ
મો. ૯૪૨૮૪ ૧૫૪૦૭



રાણા મહાવીરસિંહ સંદીપસિંહ



વીર ગજ્જર
મો. ૯૭૧૨૫ ૬૩૦૧૦



દિશા સોલંકી
મો.૯૯૨૪૧ ૦૬૧૭૭



કરશનભાઈ ધનજીભાઈ પરમાર
મો. ૮૧૪૧૨ ૩૩૦૬૧



મધુબેન કે પરમાર
મો. ૮૧૪૧૨ ૩૩૦૬૧